# લાયન્સ ક્લબ ઓફ તારદેવ, મુંબઈ અને સ્કુલ ઓફ ફિઝિયોથેરાપી, આર. કે યુનિવર્સિટી દ્વારા આશીર્વાદ વિકલાંગ કેન્દ્ર, સાયલા ખાતે નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પનુ આયોજન



સ્કુલ ઓફ ફિઝિયોથેરાપી, આર. કે યુનિવર્સિટી દ્વારા દર્દીઓના લાભાર્થે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમા અનેક ફિઝિયોથેરાપી અને રીહેબિલીટેશન કેમ્પનુ આયોજન થતુ રહે છે. આ અંતર્ગત લાયન્સ ક્લબ ઓફ તારદેવ, મુંબઈ અને શ્રી રાજ સુભાગ આશ્રમ સંચાલિત આશીર્વાદ વિકલાંગ કેન્દ્ર, સાયલા ખાતે તા. ૧૩ અને ૧૪ ડીસેમ્બર ૨૦૧૪ ના રોજ નિઃશુલ્ક ફિઝિયોથેરાપી અને રીહેબિલીટેશન કેમ્પનુ આયોજન કરવામા આવેલ. દર વર્ષે યોજાતા આ બે દિવસના ભવ્ય કેમ્પના આયોજનને લઈ સ્કુલ ઓફ ફિઝિયોથેરાપીના પ્રધ્યાપકો ડો. અંકુર ખાંટ, ડો. નિલેશ તેલૈયા, ડો. પ્રાચી ચોક્સી અને વિદ્યાર્થીઓએ આશીર્વાદ વિકલાંગ કેન્દ્ર ખાતે ચોટીલાથી લીંબડી સુધીના ૬૫ થી વધુ ગ્રામ્ય વીસ્તારોમાથી આવેલા ૭૦૦થી વધુ દર્દીઓની તપાસ અને સારવાર કરેલ ઉપરાંત જરૂરિયાતમંદ અપંગ અને ખોડખાપણ વાળા દર્દીઓને નિઃશુલ્ક ઓર્થોસીસ આપવામા આવેલ. આ કેમ્પમા ખાસ કરીને સાંધાનાં ઘસારા, મણકાના દુખાવા, લકવા તેમજ સ્નાયુ અને સાન્ધાના રોગોના દર્દીઓએ લાભ લીધેલ. આ ઉપરાંત દર્દીઓના હાડકાની ઘનતા માપવામા આવેલ અને જરુરીયાતવાળા દર્દીઓને નિઃશુલ્ક કેલ્શિયમ અને વિટામીનની ગોળીઓનુ વિતરણ કરવામા આવેલ. કેમ્પ ના સફળ આયોજનમા ડો. સરોજ સંઘવી લાયન્સ ક્લબ ઓફ તારદેવ, મુંબઈ અને આશીર્વાદ વિકલાંગ કેન્દ્ર, સાયલાના અધિકારી શ્રી જાદવ સાહેબનુ અમુલ્ય યોગદાન રહેલ. આર. કે

યુનિવર્સિટીના પ્રેસીડેંટ શ્રી ખોડીદાસભાઈ પટેલ, અક્ઝીક્યુટીવ વાઈસ પ્રેસીડેંટ શ્રી ડેનિશભાઈ પટેલ, રજિસ્ટ્રાર શ્રી શીવલાલભાઈ રામાણી તથા સ્કુલ ઓફ ફિઝિયોથેરાપીના ડિરેક્ટર ડો. પ્રિયાંશુ રાઠોડએ પ્રધ્યાપકો અને વિદ્યાર્થીગણને ઉત્કર્શ સામાજીક કાર્ય અંગે બિરદાવેલ.